સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

હનુમાન જેવાં સેવા-ભક્તિની બનાવી પસ્તી!
કમાવાના અભરખે જિંદગી બનાવી સસ્તી!
વેંચ્યાં મૂલ્યો મસ્તીમાં ને ફુસ્તી કરી કાયદાથી -
પિતાની કારકિર્દીની વિદુએ ડૂબાડી કસ્તી!
(વિદુ એ પિતાનું નામ બોળ્યું)

ઉડે આકાશે!
રાખે છે પગ હવે -
ધરતી પર..
(ફ્લાઇટમાં મિલન-મૂલાકાત)

ઉકળે દાવા!
મોજું લાવા-રસનું,
દઝાડે હૈયાં!!
(ત્યો! બોલો! હજી વધશે!!)

ચિંતન

ઋણ શેષ શ્ચાગ્નિ શેષ : શત્રુ શેષસ્તદૈવ ચ ।
પુનઃ પુનઃ પ્રવર્ત્તન્તે તસ્માત્શ્છેદ્યં ન રસયેત ॥

'બાકી રહેલું દેવું, બાકી રહેલો અગ્નિ અને બાકી રહેલો શત્રુ ફરી ફરી વૃદ્ધિ પામી માથું ઊંચકે છે તેમને તો અંશમાત્ર પણ બાકી ન રાખવા.'

ચાણક્યનીતિ પ્રમાણે અને અત્યારના કળિયુગી રાજકારણમાં વારંવાર સત્તા-પલટા થયા કરતા હોય છે કર્ણાટકમાં જયલલિતા-કરૂણાનિધિ. બિહારમાં નીતિશ-લાલુ, ઉત્તરપ્રદેશના યાદવો અને માયાવતી બધા જ આ ઉંદર-બિલાડીની રમત રમે છે સત્તા પલ્ટા થાય અને દુશ્મનની જૂની ફાઇલો ખૂલ્લે તેથી કરીને વિરોધીઓને નામશેષ કરી નાખવાની આ શ્લોકમાં સલાહ છે એ રાજનીતિ છે. સામાન્ય નીતિ તો વેર સમે ન વેરથી છે.

આ વાત સમજાવવા અહીં દેવું-ઋણ અને અગ્નિનું દૃષ્ટાંત આપ્યું છે - શક્તિ મર્યાદા બહારની લોન લઇ હપ્તા ન ભરી શકનારાઓ કેટલાય પરિવાર સાથે પ્રાણ આપતાં આપણે વાંચ્યું છે દેવું વધ્યા જ કરે.

અગ્નિનો એક તણખો પણ ક્યારે દાવાગ્નિ થઇ જાય કંઇ કહેવાય નહીં.

સુવિચાર

- જે માણસ કઇ ખુરશી પર બેસવું!! એનો નિર્ણય ન કરી શકે એ માણસને છેવટે જમીન પર બેસવાનો વારો આવે - **ફ્રેન્ચ કહેવત**
- એક બીજાને ક્ષમા આપવી એ નહી પણ એકબીજાને સમજવા એ જીવનનો મંત્ર હોવો જોઇએ - **કવિ ઓડેન**
- ભેગા થવું એ શરૂઆત છે, ભેગા રહેવું એ પ્રગતિ છે, અને ભેગા કામ કરવું એ સફળતા છે - **સુદર્શન**
- આળસુ માણસને વિદ્યા ક્યાંથી હોય? વિદ્યાવગરના માણસને ધન ક્યાંથી હોય? અને ધન વગરના માણસને દોસ્ત ક્યાંથી હોય? અને દોસ્ત વગરનાં માણસને સુખ ક્યાંથી હોય - **હરીભાઇ કોઠારી**
- આપણાથી વધારે તાકાતવાનના આપણે ભક્ત બની જઇએ છીએ, અને ઓછી તાકાત વાળાને સાથે આપણે યમરાજ જેવું વર્તન કરીએ છીએ - **બંગાળી કહેવત**
- ભરોસો મુકતા અચકાવ નહીં, માણસનો માણસ ઉપરનો ભરોસો જ માણસને સારો બનાવી રાખે છે - **એસ.ભટ્ટાચાર્ય**

બોધ કથા

કેટલાટ લોકો નાની એવી આફત, અમથી મુશ્કેલી, અન્યાય કે કોઇની અનીતિ-દગાબાજીથી ખૂબ જ વિચલિત થઇ જાય છે અને અશાંત - દુખી દુખી થઇ મગજનું સમતુલન ગુમાવી નાખે છે.

અમેરિકાના એક શિક્ષિત નાગરિકને ચુપી-બિહારની પોલીસની જેમ નિર્દોષ હતા છતાં જેલમાં પૂરી દીધો.

પેલો શિક્ષિત સજ્જન સંવેદનશીલ સર્જક હતો - તેણે હકારાત્મક દૃષ્ટિથી વિચાર્યું કે ઇશ્વરે આપણને એકાંત અને લેખન માટે સર્વ સુવિધાઓની વ્યવસ્થા કરી આપી.

એ સર્જક નવલિકાકાર હતા તેની ટૂંકી વાર્તાઓ હંમેશા ચમત્કારીક અંત માટે વખણાતી છ માસ સુધી લેખન કાર્ય કર્યું અને જેલમાંથી બહાર નીકળી તેમની નવલિકાઓનાં પુસ્તક બહાર પડ્યા.

.. અને એમની વાર્તાઓ વિશ્વવિખ્યાત થઇ ગઇ આ સહનશીલ અને હકારાત્મક દૃષ્ટિવાળા વાર્તાકારનું નામ ઓ. હેન્રી.

E-mail : sureshchandrabhatt18@gmail.com

એક દિવસ સુરભિના જન્મદિવસે, સમીર તેમના સગાસંબંધીઓની સાથે રશ્મીકાન્તને પણ આમંત્રણ આપે છે પરંતુ ત્યારે પણ સમીર કામને લીધે કલાક મોડો આવે છે

અધુરાં મિલન
લઘુકથા
- નિરંજન ઓઝા

શ્રીયુત વસંતરાય મહેતા ભાવનગર સેસન્ટ કોર્ટના એક પ્રતિષ્ઠિત એકવોકેટ છે અને કોર્ટમાં તેમણે સત્યવાદી હરિશચંદ્ર તરીકેનું બિરૂદ મળેલુ છે કારણ કે તેમની પાસે આવતાં પ્રત્યેક કેસની ઝીણવટભરી તપાસ/અભ્યાસ કર્યા પછી કેસ હાથ ઉપર લેવાનું વિચારતાં. તેઓ વાર-તહેવારે વિદ્યાર્થીઓને, વિધવાઓ, ત્યકતાઓ તેમજ જરૂરિયાતમંદોને ગુપ્તદાન કરવામાં જરા પણ કચાશ કરતા નહિ. કોર્ટમાં પોતાનું કાર્ય શરૂ કરતાં પહેલાં કોર્ટમાં સંકુલની નજીક આવેલ નાના અંબાજીના મંદિરે દર્શન કર્યા પછી જ કોર્ટમાં પોતાની આવેલ ઓફિસે જતા. આવા નેકદીન એડવોકેટના સહ-ધર્મચારીણી એવા શ્રીમતી વાસંતીબહેન પણ સવારે નાહી-ધોઇને મંદિર દર્શન કર્યા પછી જ ઘરનું કામ શરૂ કરતાં શહેરમાં કે અનય્ જગ્યાએ ધાર્મિક કામ તેમજ ભજન વિગેરે ગોઠવવામાં તેમની સલાહ લેવામાં આવતી. એવા આ ધાર્મિક દંપત્તીના ભાવનગરની મધ્યમમાં આવેલ બાર્ટન લાયબ્રેરીની સાંનિધ્યમાં આવેલ મયૂર એપાર્ટમેન્ટના તેમના નિવાસસ્થાનની લોનમાં તેમની વ્હોલસોચી એકની એક દિકરી 'સુરભિ'ના આકસ્મિક આપઘાતના માઠા પ્રસંગને લીધે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આવતાં દરેક સભ્યો દંપત્તિને એક જ પ્રશ્ન પૂછતાં કે આમ કેમ? ત્યારે ચોધાર આંસુએ રડતાં વાસંતીબહેન અવાચક થઇ ગયા હોવાથી હાથ જોડી, નમ્ર ભાવે, ઉપર આકાશ તરફ હાથ લંબાવતા તેના ઉપરથી અનુમાન કરી શકાય કે ઉપરવાળો ભગવાન જાણે, આવા શોકમયી વાતાવરણમાં વાસંતીબહેન રડતાં રડતાં અચાનક અતિતમાં ખોવાઇ જતા...

વર્ષે પહેલાંના તેમના ઘરે આવેલ પ્રસંગ યાદ આવી જાય છે. સાતેક વર્ષના લગ્નજીવન પછી તેમજ દેવી-દેવતાઓની માન્યતા માન્યા પછી તેમનાં ઘરે "લક્ષ્મીદેવી" અર્થાતૂ પુત્રીની પધરામણી થાય છે. આનંદથી વાતાવરણ ભરાઇ જાય છે. વસંતરાય હરખ કરવાં આવેલ સર્વને પેંડાથી સ્વાગત કરતાં અને સગાવહાલાં મિત્રો, આડોશી-પાડોશીની હાજરીમાં હર્ષ અને ઉલ્લાસ વચ્ચે પુત્રીનું નામાંકરણવિધિમાં 'સુરભિ' નામ પાડવામાં આવે છે. સુરભિના ઉછેરમાં દંપત્તિ જરા પણ કરાશ રાખતાં નથી. ભાવનગરની સારામાં સારી 'ઘરશાળા' માં પ્રવેશ મેળવી, ઇત્તર પ્રવૃત્તિમાં ઇનામો મેળવી સુરભિએ સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી કોલેજમાં પ્રવેશ મેળવ્યો, ત્યાં પણ રમત-ગતમ, ડિબેટ વગેરેમાં સુરભિ ઇનામો મેળવતી ગઇ અને એમ.એ. વીથ અંગ્રેજી થયા પછી પુખ્તવય થતાં દંપતી વેવિશાળ વિસે વિચારવા લાગ્યા. વસંતરાયી સાથે તેમના યૌવનકાળના મિત્ર તનસુખરાયના પુત્ર 'સમીર' બધી જ રીતે યોગ્ય જણાતાં સમીર ઉપર પસંદગી થાય છે. સમીરે તાજેતરમાં ચાર્ટડ એકાઉન્ટન્ટની પરીક્ષા પસાર કરી હોવાથી, અમદાવાદમાં જ સેટલ થવા પ્રયત્નો કરતાં નવરંગપુરામાં ચાર રસ્તા પાસે આવેલ "સીક્સ લેઇન" માં શુભકાર્યની શરૂઆત કરે છે, વ્યવસાયક્ષેત્રે સેટ થયા પછી લગ્ન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે પ્રમાણે સમીર સેટ થતાં, લગ્ન લેવાયા અને સુરભિએ હવે અમદાવાદમાં સ્થળાંતર કર્યું. સમીર પોતાના વ્યવસાયમાં ધીરે ધીરે વધારે ધ્યાન આપતો હોવાથી ઘર તરફનું ધ્યાન ઓછું થતું. સુરભિને લાગે છે. આ બાજુ સુરભિ પણ એકાંતને લીધે બોર થતી હતી, પરંતુ પોતાના પતિને અન્ય રીતે વ્યવસાયમાં સહાયરૂપ થતી ન હોવાથી, પતિની ઘર તરફની ગેરહાજરીને ચલાવી લે છે. પરંતુ આવું કેટલાં દિવસ ચાલે? આજકાલ કરતા લગ્નને બે વર્ષ પૂરાં થયાં તેમ છતાં સુરભિ જોઇએ એવી પતિની સેવા મેળવી શકતી નથી.

એક દિવસ બપોરે સમીરનો ફોન સુરભિ ઉપર આવે છે તેમાં જણાવે છે કે તેમનો કોલેજનો ખાસ મિત્ર 'રશ્મીકાન્ત' મુંબઇથી શીફ્ટ થઇને અમદાવાદની કોલેજમાં પ્રોફેસર તરીકે જોઇન થવા આવે છે. તેથી આજે હું ઓફીસેથી ઘરે વહેલો આવીશ. સમીર આજે ઘરે વહેલાં આવશે તે જાણી સુરભિને ઘણો જ આનંદ થયો કારણ કે કેટલા સમય પછી સમીર ઓફિસેથી ઘરે વહેલો આવશે. પરંતુ સુરભિની આ આશા ઠગારી નિવડી કારણ કે રશ્મીકાન્ત ઘરે આવી ગયા પછી લગભગ એકાદ કલાક પછી ઘરે આવે છે અને આવતાંની સાથે જ પહેલાં સુરભિની તેમજ ત્યારબાદ રશ્મીકાન્તની મોડા આવવા બદલ ક્ષમા માગે છે. રશ્મીકાન્ત બીજે દિવસેથી કોલેજ જોઇન કરવાનો હતો અને ક્વાર્ટર પણ મળવાનું હતું તેથી શરૂઆતમાં ફોનથી સમીર - સુરભિની ખબર અંતર પુછી લેતો હતો. રશ્મીકાન્ત એકલો હોવાથી, કોઇ કોઇ વખત ઘરે 'સમીર' જમવા બોલાવી લેતો હતો. આમ 'સુરભિ'નો રશ્મીકાન્ત સાથેનો મૈત્રીદોર વધતો જતો હતો. રશ્મીકાન્ત ઊંચો, પડછંદ તેમજ વાચાળ હોવાથી 'સુરભિ' નો કોળ સારો જામતો. એક દિવસ સુરભિના જન્મદિવસે, સમીર તેમના સગાસંબંધીઓની સાથે રશ્મીકાન્તને પણ આમંત્રણ આપે છે પરંતુ ત્યારે પણ સમીર કામને લીધે કલાક મોડો આવે છે. સુરભિ આ બધુ મુંગે મોઢે ચલાવી લે છે. કારણ કે તેને રશ્મીકાન્તનો સાથ મળતો રહે છે, રશ્મીકાન્ત આવી બાબતમાં ખૂબ જ સંકોચ અનુભવે છે. પરંતુ તેના મિત્ર 'સમીર' ના આગ્રહ તેમજ સુરભિની લાગણી તેને સાથ આપવા પ્રેરે છે. આમ દિવસો પસાર થતાં જાય છે અને સુરભિની મુંઝળણ વધતી જાય છે તે 'સમીર' ના લાગણીસભર પ્રેમને લીધે કશુ કહી શકતી નથી પરંતુ આવું ક્યાં સુધી ચાલે? એક દિવસ કલ્પી ન શકાય એવી રીતે "સમીર"ને બપોરના તેની ઓફિસમાં 'સુરભિ'ના આપઘાતના સમાચાર મળે છે. બધું જ કામ પડતું મુકી ઘરે આવે છે. ત્યારે તેના હાથમાં એક પત્ર આવે છે. જે સુરભિના આપઘાત પહેલાં લખ્યો હોય તેમ લાગે છે પત્રનું લખાણ કંઇ નીચે મુજબ છે -

મારા વ્હાલા,
પ્રિય સમીર

આ પત્ર મળશે ત્યારે કદાચ હું નહિ હોઉં, પરંતુ ઘણાં જ વિચાર, મનોમંથન પછી આ પગલું ભરી રહી છું. તારા પ્રેમે મને અત્યાર સુધી જીવન જીવતાં શીખવાડ્યું છે. શરૂઆતમાં તારા પ્રેમમાં હું અંજાઇ ગઇ હતી પરંતુ ત્યાર પછી તારા પ્રેમમાં ઓટ આવી હતી. તારા વ્યવસાયમાં તું વધારે પ્રેમ કરવા લાગ્યો, હું પરણેલી હોવા છતાં કુમારી જીવન જીવતી રહી, ફક્ત તારા પ્રેમાળ અન લાગણીસભર સ્વભાવને લીધે. તમે તારા મિત્ર 'રશ્મીકાન્ત'નો સાથ-સહકાર મળ્યો પરંતુ માટે કહેવું પડે કે તું ગમે તેટલી તેની તરફ ઢળતી હતી તેમ છતાં તેણે લક્ષ્મરેખા ઓળંગી નથી. વિશેષમાં કહું કે તારા જન્મદિવસે તને પુરણપોળી બહુ જ ભાવતી હોવાથી મેં પુરણપોળી બનાવી હતી પરંતુ તેના આગલાં દિવસે જ તારા દિલ્હી જવાનું અચાનક થતાં, તારી ગેરહાજરીમાં મે તથા તારા મિત્ર રશ્મીકાન્તે પુરણપોળી ખાધી હતી અને ત્યાર પછી બધી જ પુરણપોળી ગાયને ખવડાવી દેવી પડી હતી. શાંતિથી આપણે બંને ક્યારે સાથે રહ્યા હોઇએ એ આનંદ કર્યો હોય તેવું મને યાદ નથી. કોઇ વાર તારી ગેરહાજરીમાં તું તારા મિત્ર 'રશ્મીકાન્ત'ને કામ સોંપી દેતો હતો. તેનો પણ મેં અસ્વીકાર કર્યો નથી. આમ તારો પ્રેમ નથી તેવી જ રીતે તારા મિત્ર 'રશ્મીકાન્ત'ની વફાદારી પણ ભૂલી શકું તેમ નથી. મારાંથી કોઇ અઘરીત પગલું ભરાય જાય તે પહેલાં તમારાં બંનેના માર્ગમાંથી હું ખૂબ દૂર-દૂર-દૂર જતી રહું છું તો મને માફ કરજે. મારે કોઇ માટે ફરિયાદ નથી અને મારી સ્વેચ્છાએ પ્રયાણ કરૂં છું. બસ અલવિદા તારી 'સુરભિ.'

પત્ર વાંચી 'સમીર' સ્તબ્ધ થઇ જાય છે તે દરમિયાન, "ઓ મારી વ્હાલી સુરભિ અમને એકલાં મુકીને તું ક્યાં જતી રહી" તેમ અતિતમાંથી પાછા ફરતાં વાંસતીબહેનથી ચીસ પડાઇ ગઇ.

કાળકા શિખર કયા પર્વત પર આવેલું છે?

● વિષય : ગુજરાતનો કલા વારસો

(૧) કયા શહેરમાં જમણ વખયાય છે?
(અ) હળવદ (બ) રાજકોટ (ક) સુરત (ડ) જૂનાગઢ
(૨) સ્વર્ણિમ ગુજરાત ઉજવણીનો લોગો કોણે બનાવ્યો છે?
(અ) શૈલેષ દવે (બ) શૈલેષ યાદવ (ક) શૈલેષ જોષી (ડ) શૈલેષ મોદી
(૩) કયું જોડકું ખોટું છે?
(અ) સૈફી ટાવર - ખંભાત (બ) રમણલાલ ચોકી - ઇડર
(ક) ભમ્મરીયો કૂવો - મહેમદાવાદ (ડ) બધા જ સાચાં છે
(૪) ગુજરાતના કયા સ્પર્ધકે હિમાલયન કાર રેલીમાં ભાગ લીધો હતો?
(અ) ભરત શુક્લ (બ) કમલેશ મહેતા
(ક) ભરત રતિલાલ દવે (ડ) ભરત સોની
(૫) તરણેતરના મંદિરનો જીણોદ્ધાર કરાવનાર કરણસિંહજી કયાંના રાજવી હતા?
(અ) મોરબી (બ) વાંકાનેર (ક) વઢવાણ (ડ) લખતર
(૬) ગુજરાતમાંથી ભારતરત્ન મેળવનારમાં કોનો સમાવેશ થતો નથી?
(અ) ગાંધીજી (બ) ગુલઝારીલાલ નંદા
(ક) વલ્લભભાઇ પટેલ (ડ) મોરારજી દેસાઇ
(૭) દેશી રાજયોમાં વિલીનીકરણ વખતે સૌ પ્રથમ પોતાનું રાજય વલ્લભભાઇ પટેલને ચરણે ધરનાર શ્રી કૃષ્ણકુમારસિંહજી કયાંના રાજવી હતા?
(અ) મોરબી (બ) ભાવનગર
(ક) લાઠી (ડ) જામજોધપુર
(૮) પારસીઓનાં અગ્નિ મંદિરને શું કહેવામાં આવે છે?
(અ) આતશ (બ) દમખુ (ક) અગિયારી (ડ) દેવળ
(૯) કાળકા શિખર કયા પર્વત પર આવેલું છે?
(અ) ગિરનાર (બ) જેસોર (ક) આબુ (ડ) બરડો
(૧૦) સોમનાથમાં સંગમ થતી ત્રણ નદીઓનાં કોનો સમાવેશ થતો નથી?
(અ) કપિલા (બ) હિરણ (ક) સરસ્વતી (ડ) ઓઝત
(૧૧) કયા મંદિરનાં મુખ્ય બે દ્વારો સ્વર્ગદ્વાર અને મોક્ષદ્વાર તરીકે ઓળખાય છે?
(અ) ડાકોર (બ) સોમનાથ (ક) શામળાજી (ડ) દ્વારકા
(૧૨) ખ્રિસ્તી તીર્થદામ - આરોગ્ય માતાનું મંદિર કયા આવેલું છે?
(અ) નડિયાદ (બ) બોરસદ (ક) પેટલાદ (ડ) આણંદ
(૧૩) બૌદ્ધ દેવી તારાની મૂર્તિ કયા પર્વત પર આવેલી છે?
(અ) તારંગા (બ) ગિરનાર (ક) ગબ્બર (ડ) ઇડરિયો ડુંગર
(૧૪) અણદાબાવાનો આશ્રમ કયાં આવેલો છે?
(અ) જૂનાગઢ (બ) જામનગર (ક) અંજાર (ડ) વિસાવદર
(૧૫) સરસવણી ગુજરાતના કયા લોકસેવકની જન્મભૂમિ છે?
(અ) ઠક્કરબાપા (બ) રવિશંકર મહારાજ
(ક) પૂજય મોટા (ડ) છોટુભાઇ પુરાણી

● વિવિધા ●

વિષય :- ભારતનાં થર્મલ વિદ્યુત મથકો

● પંજાબ : **ભઠિંડા, રૂપનગર** ● હરિયાણા : **પાનીપત, ફરીદાબાદ**
● દિલ્હી : **બદરપુર** ● ઉત્તરપ્રદેશ : **હરદુઆગંજ, પનકી, પરીછા, ઓબરા, જવાહપપુર, દોહરીગઢ** ● બિહાર : **બરૌની** ● ઝારખંડ : **બોકારો, ચંદ્રપુર** ● પશ્ચિમ બંગાળ : **બીરભૂમ, દુર્ગાપુર, કોલકાત્તા** ● ઓરિસ્સા : **તાલ્ચેર, બલિમેલા** ● અસમ : **બોંગાઇ ગાંવ, નામરૂપ** ● મણિપુર : **લોકટાક** ● મધ્યપ્રદેશ : **સિંગરૌલી, અમરકંટક, સાતપુડા** ● છત્તીસગઢ : **કોરબાયોજનાનાં મથકો** ● ગુજરાત : **ધુવારણ, સાબરમતી, ગાંધીનગર, કંડલા, ઉકાઇ, પાનેંધ્રો, વણાકબોરી, સિક્કા, ઉતરામ** ● મહારાષ્ટ્ર : **નાસિક, ભુવાસળ, કોરાડી, ચંદ્રપુર, ખાપરખેડા, બરબી, ઉરણ, તૂર્ભે** ● આંધ્રપ્રદેશ : **વિજયવાડા, રામગુંડમ, કોઠા ગુડેમ** ● તમિલનાડું : **એન્નુર, નયવેલી, તુતીકોરીન** ● કર્ણાટક : **રાયચૂર**

● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - કર્ણાટકના નવા નિમાયેલ મુખ્યમંત્રીનું નામ શું છે?
જવાબ - સિદ્ધારામૈયા

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મહેશભાઇ એમ. જાદવ : સાદરા વિદ્યાપીઠ
(૬) ગોમતીબેન કનુભાઇ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૭) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૩૦
(૮) કલાસુવા વિશ્વાકુમારી હરિદેવ : સે-૨૦, રાજભવન

● પૂછું એક સવાલ...?

(૧) ઠક્કર જયંત બી : સે-૨૯થી
પ્રશ્ન - પશ્ચિમ બંગાળ
જવાબ - પટેલ ધાર્મિક શૈલેષભાઇ : સે-૨૦થી
(૨) પટેલ મયંક જે. : સે-૨૩થી
પ્રશ્ન - ગુજરાત ઓર્ગેનિક કેમિકલ લીમીટેડ દવા કંપની ક્યાં આવેલી છે?
જવાબ - છત્તીસગઢના કોરબા ખાતે
(૩) સોની મિતુલ ડી. : સે-૪થી
પ્રશ્ન - કયા ભારતીયને પ્રથમ મેગ્સેસે એવોર્ડ મળ્યો હતો?
જવાબ - વિનોભા ભાવે ને
(૪) પટેલ કેતુલ એચ. : સે-૭થી
પ્રશ્ન - માનવીના શરીરમાં કેટલી રકત વાહિનીઓ હોય છે?
જવાબ - આશરે એક લાખ
(૫) વ્યાસ ધારા. એન : સે-૨૦થી
પ્રશ્ન - ૧૩ થી ૧૫ વર્ષનાં છોકરાને કેટલી કેલરી જોઇએ?
જવાબ - ક્રિકેટના ખેલાડી, ઓસ્ટ્રેલિયા

● આ સપ્તાહનો સવાલ...?

આઇ.પી.એલ.માં શ્રીસાંત કઇ ટીમના ખેલાડી તરીકે રમી રહ્યો હતો?

(અનુસંધાન પાના નં. ૬ પર)

પુષ્પ તણી પાંદડીએ બેસી
હસતું કોણ ચિરંતન હાસ?
પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત,
પુલકિત, મુખરિત શ્વાસ?
કોણ બદલતું સંધ્યાકાશે
પલ પલ નવલાં પ્રેમલ ચીર?
કોણ ઉછળતી મોકલતું
નિજ કુમળી ઊર્મિ સરવર તીર?

- **સુંદરમ**

ભૂલભૂલામણી : ચૂંચૂરામની ટપાલ



ચૂંચૂંરામે પોતાના મામાને કાગળ લખ્યો છે. એ કાગળ એમને ટપાલપેટીમાં નાંખવો છે. પણ મારગ ઘણો અટપટો છે. પેટીમાંથી ટપાલ નીકળી જાય તે પહેલાં ચૂંચૂંરામને ટપાલપેટી સુધી પહોંચાડી દો.

બાળમિત્રો,

વેકેશનમાં મજા કરો છો? બાળકોની બહુ વખત પહેલાં એક સરસ કવિતા વાંચવામાં આવી હતી. એનું નામ હતું, "આળસુ આવડે ના -"એમાં ટપાલી એક કાગળ લઇને ફરે છે. દરેકના ઘરે ટપાલ બતાવે અને પૂછે - તમારા ઘરે કોઇ "આળસુ - આવડે ના -" છે? એટલે કે એવું બાળક જે પોતાનું કામ જાતે ના કરતું હોય - પોતાનો રૂમ - કબાંટ - પલંગ અસ્તવ્યસ્ત રાખતું હોય અને આખો દિવસ બસ એદી - આળશુની જેમ પડ્યો રહે તો હોય અને એને કંઇ પણ કામકાજ આવડતું ના હોય.

હવે ટપાલી દરેકના ઘરમાં બારણું ખખડાવે અને પૂછે, આળસુ આવડેના ઘરમાં છે? આ ટપાલ આવવાની છે. આમ જે તે બાળક આળસ કરીને જ પડ્યું હોય પણ ટપાલી પૂછે એટલે જવાબ મળે - "ના રે ના" અહીંયા તો આવું આળસું કોઇ રહેતું નથી."

અને છેવટે ટપાલી પેલો કાગળ લઇને ફર્યા કરે - એટલે કાગળ પણ મેલો - ઘેલો ડૂચા જેવો થઇ ગયો. હજુ એ કાગળ કોઇએ સ્વીકાર્યો નથી. અને ટપાલી હજૂ 'આળસુ આવડે ના' ને શોધ્યા કરે છે. તો તમે તો આળસુ નથી ને? કે જે પોતાનું દરેક કામ મમ્મી - પપ્પા કે ભાઇ-બહેન પાસે કરાવતું હોય,ઘર અસ્તવ્યસ્ત રાખતું હોય - રમકડાં - ચોપડીઓ ગોઠવતું ના હોય...

એવું હોય તો કહેવડાવજો. કેમ કે ટપાલી હજુ ટપાલ લઇને ફરે છે. કદાચ તમારા ઘરે આવે પણ ખરો!

તો નક્કી કરજો. તમે ખરેખર કેવા છો? આળસુ કે કામગરા? તમારૂં કામ જાતે કરો છો કે મમ્મીને ઓર્ડર કર્યા કરો છો?

નવાં ઉખાણાં

(૧) કાળી ગાય ને ધાવતો લાલ વાછરજો, એ શું?
(૨) નદીઓને પાર સાત રંગનો પુલ
(૩) વાદળી રૂમાલ ઉપર ધોળો દડો
(૪) બાગ વચ્ચે ઊભી છે સોનેરી, વાળવાળી છોકરી.
(૫) કાળો એક છોકરો, એણે લાકડાનું પહેરણ પહેર્યું છે અને મોટામાંથી લાળ કાઢે છે.
(૭) કાળો છે પણ કાગ નથી, માથે શિંગ પણ બળદ નથી, છ પગ છે પણ કરોળિયો નથી; જમીન ખોદે છે પણ મજૂર નથી.
(૭) ભૂખરો છે પણ વરૂ નથી, કાન લાંબા છે પણ સસલો નથી; પગે ખરીઓ છે પણ ઘોડો નથી.

●●●●●●●

જવાબ : ચોરી કરી ગાયનું (૨) ઇન્દ્રધનુષ્ય (૩) ચાકચાકાર ડંક (૪) પોસ્ટબોક્સ (૫) ચાણિયા ચમચા (૬) ગાધડો